અપીલ અરજી નં.૩૪/૦૮–૦૯ તા. ૧૩–૫–૦૮

અરજદારઃ શ્રી ઝેહરા તાહેરભાઈ સાયકલવાલા
સામાવાળા:આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

## હુકમઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઝેહરા તાહેરભાઈ સાયકલવાલા ની તા.૧–૪–૦૮ ની અરજીથી ગેરકાયદેસર બાંધકામો તોડી પાડવા ૪ ફરીયાદ પત્રો આપેલ તેમાં કોર્પોરેશન ધ્વારા શું પગલા ભરવામાં આવે છે તેની માહિતી માંગતી અરજી બાબત.

સંદર્ભેઃ–અરજદાર મજકુરની તા.૧૩–૫–૦૮ ની અપીલ અરજી નં.૩૪/૦૮–૦૯

શ્રી ઝેહરા તાહેરભાઈ સાયકલવાલા ની તા.૧–૪–૦૮ ની અરજીથી ગેરકાયદેસર બાંધકામો તોડી પાડવા ૪ ફરીયાદ પત્રો આપેલ તેમાં કોર્પોરેશન ધ્વારા શું પગલા ભરવામાં આવે છે તેની માહિતી માંગતી અરજી બાબતે કોઈ પ્રતિભાવ ન મળવાના કારણે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩–૫–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ. અરજદારે તેમની અરજી સાથે બીડેલ બિડાણ ધ્વારા વોર્ડ નં.૪ નોંધ નં.૩૩૫૮ હૈદરઅલી કાસમજી સ્ટ્રીટ બેગમપુરા ઝાંપાબજાર વિસ્તાર તેમજ નોંધ નં.૯૧૮ કુલ્લાની વાડી દેવડી મુબારક ઝાંપાબજાર વિસ્તામાં થયેલ ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવા રજૂઆત કરેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો માહિતીના વિલંબ તથા અનુમાનિત ઈન્કાર અંગેની સ્પષ્ટતાસહિત પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૧ તા.૧૬–૫–૦૮ ના રોજ આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુંસંધાને રાઈટ ટુ ઈન્ફરમેશન સેલ/સે.ઝોન/આ.નં.૨૨૪ તા.૨૯–૫–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે. સદર માહિતીમાં અરજદારની ચાર ફરીયાદ અરજીઓની નકલ મોકલવામાં આવેલ છે. તથા અરજદારને તેઓ કક્ષાએથી તા.૨૯–૫–૦૮ ના રોજ પાઠવેલ પ્રત્યુત્તરની નકલ મોકલવામાં આવેલ છે જે અનુસાર "જે તે સમયે અત્રેથી કોઈ કાર્યવાહી થયેલ હોવાનું જણાયેલ નથી. સદર મિલ્કતોમાં હાલમાં કોઈ બાંધકામ ચાલું નથી તેમજ સદર બાંધકામો થયાને ઘણો સમય થયેલ હોઈ,તથા જે તે મિલ્કતોમાં વસવાટ ચાલુ હોવાથી ,હાલમાં હવે સંબંધિત કાર્યવાહી અત્રેની પ્રાયોરીટી હેઠળ ન હોવાથી, હાલ તુરંત અત્રેની સંબંધિત કચેરી ધ્વારા કોઈ પગલાં ભરવામાં આવેલ નથી તેવી માહિતી અરજદારને આપેલ છે.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧–૪–૦૮ ની અરજીથી ચાર ફરીયાદ પત્રો બાબતે શું કાર્યવાહી થઈ તેની માહિતી માંગવામાં આવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ચાર અરજીઓ બાબતે કાર્યવાહીની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તેનો તે અરજદારે અપીલ અરજીમાં કોઈ પ્રતિસાદ મળેલ નથી એવી રજૂઆત કરેલ છે. તે સુસંગત નથી. આથી અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. જયારે ફરીયાદ નિકાલ અંગે અરજદાર સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે"

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૫ –૦૮.

ડે.*કમિશ્નર(જનરલ),*
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧)આસી.કમિશ્નર ઈજનેર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રુલ ઝોન..... જાણ માટે
(૨) શ્રી ઝેહરા તાહેરભાઈ સાયકલવાલા,